પો.ટી.સી. કોલેજોમાં કોમ્પ્યુટર શિક્ષણ દાખલ કરવા અંગે..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક: ટીસીએમ-૧૪૨૦૦-૧૪૦૨-ન,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨૫-૫-૨૦૦૦

વંચાણેલીધા:-(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પ.ક્ર:૪૧-સતપ-બજેટ-પ્લાન-જ-૮૩૧૦. તા.૩૦-૧૧-૯૯.

ઠ રા વ :-

રાજ્ય સરકારની નીતિ અનુસાર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની વર્તમાન જરૂરીયાતો અને માંગણીઓ જોતા પ્રાથમિક શિક્ષણના સ્તરે પણ કોમ્પ્યુટર શિક્ષણ શરૂ કરવા સરકાર ઈચ્છે છે, ત્યારે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ આપતા શિક્ષકો માટે પણ કોમ્પ્યુટરની તાલીમ અનિવાર્ય બને છે. આથી જુન'૨૦૦૦થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી રાજ્યમાં આવેલ ૫૨ (બાવન) સરકારી તથા બિનસરકારી પી.ટી.સી. સંસ્થાઓમાં કોમ્પ્યુટરની તાલીમ શરૂ કરવા પ્રસ્તુત સંસ્થાઓને કોમ્પ્યુટર વસાવવા માટે રૂા.૨૧.૦૦ લાખ (રૂપિયા એકવીસ લાખ પુરા)ની નાણાકીય જોગવાઈને વહીવટી મંજૂરી આપવાનો બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધિન ૫૨(બાવન)પી.ટી.સી. સંસ્થાઓમાં કોમ્પ્યુટર્સ ખરીદવા માટે રૂા.૨૧.૦૦ લાખના (રૂપિયા એકવીસ લાખ પુરા) આમુખમાં ક્રમાંક(૧) સામે દર્શાવેલ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત મુજબના ખર્ચને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયેલ નિયત એજન્સી મારફત જ કોમ્પ્યુટર તાલીમ આપવાની રહેશે.

(૨) કોમ્પ્યુટર્સની ખરીદી સરકાર માન્ય પધ્ધતિ મુજબ કરવાની રહેશે.

૨. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ-ગૌણસદર ૧૦૫ શિક્ષક તાલીમ-પેટા મુખ્ય સદર(૦૧)-પ્રારંભિક શિક્ષણ-પેટાસદર(૧૧)પીટીસી કોલેજોમાં કોમ્પ્યુટર શિક્ષણ-હેઠળ ઉધારીને તે હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી

મેળવવાનો રહેશે.

૩.  આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૫-૫-૨૦૦૦ના રોજ મેળવાયેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ડી. હડીયલ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગર.
- કમિશ્નર ઓફ સ્કુલ્સ, ગુ.રા. ગાંધીનગર.
- તમામ પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- એ.જી. અમદાવાદ/રાજકોટ.
- તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુ.રા. અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી.
- આચાર્યશ્રીઓ, સંબંધિત અધ્યાપન મંદિરો (પ્રા.શિ.નિ.શ્રી કચેરી દ્વારા)
- નાણા વિભાગ.
- સિલેકટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી, સિલેકટ ફાઈલ.

જેએસ/-.